# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૫/૦૬/૨૦૨૬ સોમવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૮૩૪/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૨૭૩ લીટર દેશી દારૂ, ૬૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૪૪ બીયર ટીન, ૦૧ સ્કુટર, ૦૧ રીક્ષા અને ૦૨ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી, ૨૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૮,૭૯૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ–** **સમાચાર યાદી નં.૮૩૫/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૪૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**બીજા માળેથી પડી જતા મૃત્યુઃ–** **સમાચાર યાદી નં.૮૩૬/૨૦૨૬**

**નારોલઃ** રામસિંગ વિજયસિંગ (ઉ.વ.૪૬)(રહે.દુકાન નંબર–બી/૧૦ દર્શનનગર, અંબુજા ફેક્ટરી સામે, નારોલ) તા.૧૪/૦૬/૨૦૨૬ ના કલાક ૦૦/૨૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે બીજા માળેથી આકસ્મીક રીતે નીચે પડી જતા શરીરે ગંભીર ઈજાઓ થતા સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પિટલ ખાતે લાવતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એન.સેરશીયા ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૮૩૭/૨૦૨૬**

**સોલા હાઇકોર્ટઃ** રવિનાબેન ડો/ઓ સુરેશભાઇ ડામોર (ઉ.વ.૨૦)(રહે. સરસ્વતીનગર, જનતાનગર રેલ્વે ક્રોસીંગ રોડ પાસે, ઘાટલોડીયા) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૬/૨૦૨૬ રાતના ૯/૧૫ વાગ્યા પહેલા ભાડાનાં રહેણાંક મકાનમાં પોતાની જાતે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.બી.મેસવાણીયા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી